**–:: નમુનો–અ ::–**

सत्यमेव जयते

## મહે. કલ્યાણપુરના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટ, જી. દેવભુમિદ્વારકા.

### ચુકાદાની તા.૦૭/૦૪/૨૦૨૬

### ફોજદારી કેસ નં.૭૧/૨૦૨૫ આંક–૨૪

| ગુન્હાની વિગત | |
|---|---|
| ગુન્હાની કલમ | બી.એન.એસ.કલમ–૧૧૫(૧),૩૫૧(૨),૫૪ મુજબ |
| પ્રથમ માહિતી અહેવાલ નં. | પાર્ટ–એ ગુ. ર. નં. ૧૧૯૯૪૦૦૫૨૪૦૦૬૦/૨૦૨૪ |
| પોલીસ સ્ટેશન | કલ્યાણપુર |
| ફરીયાદીપક્ષ | શ્રી સરકાર |
| ફરીયાદપક્ષ તરફે વિ.વ.શ્રી : | વિ.એ.પી.પી.શ્રી જે. જે. રાઘવાણી |
| આરોપીપક્ષ | (૧) કાનાભાઈ વાલાભાઈ બુજડ, ઉ.વ. ૨૭, ધંધો–અભ્યાસ, રહે.નાના ભવડા, મંદિરની સામે, તા.જી.દેવભુમિ દ્વારકા.<br>(૨) મયુર ઉર્ફે રાજ સોમાભાઈ પુનાભાઈ અસવાર,ઉ.વ. ૨૦, ધંધો–રિક્ષા ડ્રાઈવીંગ, રહે. ટી.વી સ્ટેશન વિસ્તાર, પટેલવાડી પાસે, હસમુખભાઈના ભાડાના મકાનમાં દ્વારકા, તા.જી.દેવભુમિ દ્વારકા.<br>(૩) હાર્દિક ભીખુભાઈ માંડણભાઈ ઓડીચ, ઉ.વ. ૨૦, ધંધો– રિક્ષા ડ્રાઈવિંગ, રહે. આહીર સમાજ સામે, જય માતાજી આશ્રમ પાસે, આવળપાળો દ્વારકા,તા.જી.દેવભુમિ દ્વારકા. |
| આરોપીઓ તરફે વિ.વ.શ્રી : | વિ.વ.શ્રી એસ. કે. બેલા |

**–:: નમુનો–બ ::–**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૧૨/૧૧/૨૦૨૪ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૩/૧૧/૨૦૨૪ |

| | |
|---|---|
| ચાર્જશીટની તારીખ | ૦૬/૦૨/૨૦૨૫ |
| તહોમતનામું/પ્લી ફરમાવ્યાની તારીખ | ૦૮/૦૪/૨૦૨૫ |
| પુરાવો શરૂ થવાની તારીખ | ૧૨/૦૬/૨૦૨૫ |
| ચુકાદો મુલત્વી રાખ્યાની તારીખ | -- |
| ચુકાદાની તારીખ | ૦૭/૦૪/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | -- |

**-:: આરોપીની વિગત ::-**

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુકત તારીખ | તહોમત | શું નિર્દોષ/ દોષ | કરવામા આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | કાનાભાઈ વાલાભાઈ બુજડ | ૧૩/૧૧ / ૨૦૨૪ | ૧૩/૧૧/ ૨૦૨૪ | બી.એન.એસ. કલમ- ૧૧૫(૧), ૩૫૧(૨), ૫૪ મુજબ | નિર્દોષ | -- | -- |
| ૨ | મયુર ઉર્ફે રાજ સોમાભાઈ પુનાભાઈ અસવાર | ૧૩/૧૧ / ૨૦૨૪ | ૧૩/૧૧/ ૨૦૨૪ | | નિર્દોષ | -- | -- |
| ૩ | હાર્દિક ભીખુભાઈ માંડણભાઈ ઓડીચ | ૧૩/૧૧ / ૨૦૨૪ | ૧૩/૧૧/ ૨૦૨૪ | | નિર્દોષ | -- | -- |

**-:: નમુનો - ક ::-**

**અ. ફરીયાદપક્ષ તર્ફે સાહેદો :-**

| **ક્રમ** | **આંક** | **સાહેદનું નામ** |
|---|---|---|
| (૧) | આંક-૧૧ | પંચ સાહેદ ધર્મેન્દ્રભાઈ અશોકભાઈ ડાભીની જુબાની |
| (૨) | આંક-૧૩ | પંચ સાહેદ દેવજીભાઈ લાલજીભાઈ ચાનપાની જુબાની |

| | | |
|---|---|---|
| (૩) | આંક–૧૪ | ફરિયાદી આર.પી.એફ. કોન્સ. ઉદલસિંહ નારાયણ સિંહ સિંહની જુબાની |
| (૪) | આંક–૧૬ | આર.પી.એફ. કોન્સ. જાગૃતિબેન ઉદલસિંહ સિંહની જુબાની |
| (૫) | આંક–૧૭ | જી.આર.પી. પો. કોન્સ.આશિષભાઈ અશોકભાઈ કાથડની જુબાની |
| (૬) | આંક–૧૮ | સાહેદ નિલેષભાઈ માંડણભાઈ ઓડીચની જુબાની |
| (૭) | આંક–૨૦ | પોલીસ સાહેદ હરદેવસિંહ ભીખુભા જાડેજાની જુબાની |
| (૮) | આંક–૨૨ | ત.ક.અ. અકબરભાઈ ઈસ્માઈલભાઈ મામદાણીની જુબાની |

**અ. ફરીયાદપક્ષ તર્ફે રજુ થયેલ દસ્તાવેજો :–**

| **ક્રમ** | **આંક** | **દસ્તાવેજની વિગત** |
|---|---|---|
| (૧) | આંક–૧૨ | આરોપીનું અટક પંચનામું |
| (૨) | આંક–૧૫ | ફરીયાદ |
| (૩) | આંક–૨૩ | ઈન્જરી સર્ટીફિકેટ |

**–: ઠ રા વ :–**

(૧) **ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત:** ગઈ તા.૧૨/૧૧/૨૦૨૪ ના રોજ કલાક ૨૧:૧૫ થી ૨૧:૩૦ વાગ્યાના અરસામાં દ્વારકા રેલ્વે સ્ટેશનથી ભાટીયા રેલ્વે સ્ટેશન વચ્ચે ટ્રેન નંબર–૧૯૨૫૨ ઓખા–સોમનાથ ટ્રેનના રિઝર્વેશન કોચ નંબર–એસ/૪ સીટ નંબર ૭૬ ઉપર આરોપીઓ બેઠેલા હતા અને ફરિયાદી–ઉદલસિંહનું રિઝર્વેશન સીટ નં.૭૬ ઉપર હતુ, જેથી ફરિયાદીશ્રી પોતાની સીટ ઉપર આવી આરોપીને સીટ ખાલી કરી આપવાનું કહેતા આરોપીઓ ઉશ્કેરાઈ જઈ એક સંપ થઈ ફરિયાદીશ્રીને બિભસ્ત ગાળો આપી ગળદા પાટુનો માર મારતા ફરિયાદીશ્રીને ડાબા હાથમાં ઈજા થયેલ તથા આરોપીએ ફરિયાદીને ચાલુ ટ્રેને ફેકી દેવાની ધમકી આપી ગુન્હાની ફરિયાદ આવતા તે અનુસંધાને કલ્યાણપુર પોલીસ સ્ટેશન પાર્ટ–એ ગુના રજીસ્ટર નં. ૧૧૯૯૪૦૦૫૨૪૦૦૬૦/૨૦૨૪ થી

ગુનો દાખલ કરવામાં આવેલ.

ત્યાર બાદ, તપાસનીશ અમલદારે તપાસને અંતે આરોપીઓ વિરુધ્ધ પૂરતો પુરાવો હોવાનું જણાતા, બી.એન.એસ.ની કલમ–૧૧૫(૧), ૩૫૧(૨), ૫૪ મુજબ ના ગુના અંગેનું ચાર્જશીટ નામદાર કોર્ટમાં રજૂ કરેલ છે.

(૨) સદરહું કામના આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં,ભારતીય નાગરીક સુરક્ષા સહિતાની કલમ–૨૩૦ મુજબ પોલિસ તપાસનાં કાગળોની નકલો વિના–મૂલ્યે પૂરા પાડવામાં આવેલ. અત્રેની અદાલત દ્વારા આરોપી વિરુધ્ધનાં આક્ષેપિત ગુના અંગે આંક–૦૫ થી તહોમતનામું ફરમાવી, વાંચી સંભળાવી સમજાવી આરોપીઓની અનુક્રમે આંક–૦૬ થી આંક–૦૮ સુધી પ્લી લેતાં, આરોપીઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરતા, સદરહું કામના આરોપીઓ વિરુધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદપક્ષે નમુના (ક) માં દર્શાવ્યા મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

(૪) સદરહું કામે ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા મૌખિક વિનંતીથી ફરિયાદપક્ષનો પુરાવો પુર્ણ થયાનું જાહેર કરતા, ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યાર બાદ આરોપીનું વિશેષ નિવેદન ભારતીય નાગરીક સુરક્ષા સહિતાની કલમ–૩૫૧ અન્વયે નોંધવામાં આવેલ અને જેમાં આરોપીએ જણાવેલ છે કે તેઓ નિર્દોષ છે તે સિવાય આરોપીએ સોગંદ ઉપર કોઈ પુરાવો રજૂ કરેલ નથી કે આ કામે કોઈ બચાવના સાહેદ તપાસેલ નથી.

(૫) ત્યાર બાદ ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી જે.જે.રાઘવાણી તથા આરોપી તરફે વિ.વકીલશ્રી તરફે કરવામાં આવેલ મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) સદરહું કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે:

**<u>-:: મુદ્દાઓ ::-</u>**

૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા.૧૨/૧૧/૨૦૨૪ ના રોજ કલાક ૨૧:૧૫ થી ૨૧:૩૦ વાગ્યાના અરસામાં ટ્રેન નંબર-૧૯૨૫૨ ઓખા-સોમનાથના રિઝર્વેશન કોચ નંબર-એસ/૪ સીટ નંબર ૭૬ આરોપીઓને ફરિયાદીએ ખાલી કરી આપવાનું કહેતા આરોપીઓ એ ઉશ્કેરાઈ જઈ એક સંપ થઈ ફરિયાદીને બિભસ્ત ગાળો આપી ગળદા પાટુનો માર મારીને ડાબા હાથમાં ઈજા કરેલ, તથા ફરિયાદીને ચાલુ ટ્રેને ફેકી દેવાની ધમકી આપી બી.એન.એસ. કલમ-૧૧૫(૧), ૩૫૧ (૨), ૫૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

(૭) ઉપરોકત મુદ્દાના નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છે:

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

**<u>-: કા ર ણો :-</u>**

**<u>મુદા નં.૧ :-</u>**

(૮) ક્રિમીનલ જસ્ટીસ ડીલેવરી સિસ્ટમ મુજબ ફરીયાદપક્ષે આરોપી સામે મુકવામાં આવેલ તહોમત બીયોન્ડ રીઝનેબલ ડાઉટ યોગ્ય અને નિ:શંક પુરાવો રજુ કરીને પુરવાર કરવાનુ હોય છે. ટુંકમાં આરોપી દોષિત છે તેવો પુરતો અને વિશ્વસનીય પુરાવો રજુ કરીને ફરીયાદપક્ષે પુરવાર કરવાનુ હોય છે. આરોપી નિર્દોષ છે તેવુ આરોપીએ પુરવાર કરવાનું હોતુ નથી. એમ કહી શકાય કે ફોજદારી મુકદમામાં આરોપીએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની હોતી નથી. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આરોપીને દોષિત ન ઠરાવવામાં આવે ત્યાં સુધી

તે નિર્દોષ છે તેવી ધારણા કરીને અદાલતે ચાલવાનું હોય છે અને નામદાર કોર્ટ દ્વારા બાંધવામાં આવેલ આ અનુમાનનું ખંડન ફરીયાદપક્ષે યોગ્ય, પુરતો ને વિશ્વસનીય પુરાવો રજુ કરીને કરવાનું હોય છે. ફરીયાદપક્ષના રજુ થયેલ પુરાવામાં એકાદ કડી પણ પુરવાર કરવાનું ફરીયાદપક્ષ ચુકે તો તેવી સ્થિતિનો લાભ બચાવપક્ષને મળવાપાત્ર થાય છે અને તે સંજોગોમાં આરોપી દોષમુકિત અગર બેનીફીટ ઓફ ડાઉટ મેળવવા હકકદાર થાય છે.

(૯) ફરીયાદપક્ષે આરોપીઓને અટક કર્યા અંગેનું આંક-૧૨ વાળુ પંચનામું સાબિત કરવા તપાસેલ પંચોએ માત્ર તેઓની સહીઓ ઓળખી બતાવેલ છે. પંચનામાની વિગતોને કોઈ જ સમર્થન આપેલ નથી.

(૧૦) ફરીયાદપક્ષે આંક-૧૪ થી ફરીયાદી આર.પી.એફ. કોન્સ.ઉદલસિંહ નારાયણ સિંહ ને તપાસવામાં આવેલ છે. તેઓના જણાવ્યા મુજબ તેઓ બનાવ સમયે વટવા રેલ્વે પોલીસ સ્ટેશનમાં કોન્સ્ટેબલ તરીકે નોકરી કરતા હતા. તા. ૧૨/૧૧/૨૦૨૪ ના રોજ તેઓ તેમની પત્નિ તથા દિકરા સાથે દ્વારકા દર્શને આવેલા અને ત્યાં થી સોમનાથ દર્શન કરવા માટે ઓખા-વેરાવળ એક્ષપ્રેસ ૧૯૨૫૨ માં કોચ નં. એસ ૪ સીટ નં.૧૬, ૫૨, ૭૬ માં જતા હતા. તે વખતે તેમની સીટો અલગ અલગ હોય, જેથી સીટ નં.૧૬ તથા ૫૨ નંબરના પેસેન્જર સાથે મૌખિક રીતે સમજુતી કરી અને ત્યારબાદ તેઓ પોતાનો સામાન લઈને સીટ નં.૭૬ પર તેમની પત્નિ તથા બાળક સાથે આવી ગયેલા. ત્યારબાદ ખુલાસો કરે છે કે, સીટ નં. ૭૩, ૭૮ ના મુસાફર સાથે સમજુતી કરેલ હતી. સીટ નં. ૭૬ ઉપર ગયેલ ત્યાં ચાર ઈસમો હાજર હતા. તેઓએ ફરીયાદી સાથે ગાળા-ગાળી, મારા-મારી અને ટ્રેનમાંથી ફેંકી દેવાની ધમકી આપેલી. જેમાં તેમને ડાબા હાથની આંગળીમાં ઈજા થતા ફ્રેકચર થયેલ. ખંભાળીયા સ્ટેશને પહોંચતા આ ત્રણ આરોપીઓ ત્યાંથી ભાગી ગયેલા

હતા. જેના નામ તેમને આવડતા ન હતા, પરંતુ જોયેથી ઓળખતા હતા. આરોપી નં. ૧ ને તેઓએ પકડી રાખેલ, અને રેલ્વે હેલ્પલાઈનમાં ફોન કરેલ. તેમજ રાજકોટ કન્ટ્રોલમાં મેસેજ કરાવેલ. ખંભાળીયા રેલ્વે સ્ટેશન પર મોહનલાલ શર્માને તેમના સીટ નંબર તથા કોચનંબર જણાવેલા જેથી તેઓ આવેલા અને તેઓ તેમને જામનગર સુધી લઈ ગયેલા. તેમને ફરીયાદ કરવાનું જણાવેલુ, જેથી તેમણે આ બનાવની ફરીયાદ કરેલી, જે ફરીયાદ આંક–૧૫ થી રજુ કરે છે. ઈજા અંગેની સારવાર માટે જામનગરમાં સરકારી હોસ્પીટલમાં સીટી પોલીસ સ્ટેશનવાળા લઈ ગયેલા. ત્યાર બાદ અમદાવાદ ગયેલ. તેઓએ મેડીકલ રજા લીધેલ, હેડ કવાર્ટરને જાણ કરેલ. ત્યાર બાદ તેમને થયેલ ઈજાની સારવાર રેલ્વે હોસ્પીટલ તથા અમદાવાદ નારાયણ હોસ્પીટલમાં કરાવેલી. આરોપીઓની ઓળખ કરે છે. બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઊલટ તપાસ દરમિયાન એ મહત્વની હકીકતો સ્વીકારેલ છે કે, હું રેલ્વે પોલીસમાં સને–૨૦૦૮ થી નોકરી કરુ છુ. મારી ફરીયાદમાં આરોપીઓના નામ જણાવેલા નથી. સાહેદ જણાવે છે કે, હું આરોપીઓને જાણતો નથી. અમારી ત્રણેય સીટ એક જ ડબ્બામાં અલગ અલગ કંપાર્ટમેન્ટમાં આવેલી હતી. બનાવ સમયે અમારા કોચમાં અન્ય મુસાફરો પણ મુસાફરી કરતા હતા.

(૧૧) ફરીયાદપક્ષે આંક–૧૬ થી જાગૃતિબેન ઉદલસિંહને તપાસવામાં આવેલ છે. સદર સાહેદ ફરીયાદીના પત્નિ છે. તેઓએ પણ ફરીયાદીના પુરાવા જેવો જ પુરાવો આપેલ છે. બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઊલટ તપાસ દરમિયાન એ મહત્વની હકીકતો સ્વીકારેલ છે કે, હું રેલ્વે પોલીસમાં છેલ્લા ૧૬ વર્ષથી નોકરી કરૂં છું. **અમારે જે સીટને લઈને ઝગડો થયેલો તે સીટ અમારા નામથી બુકીંગ થયેલી ન હતી.** સાહેદ જણાવે છે કે, અમોએ એકચેન્જ કરેલી હતી. દવારકા

દર્શને જવા માટે અમોએ નોકરીમાંથી રજા મુકેલી હતી. હાલના બનાવ બન્યા બાદ અમો પોલીસને બીજી વખત કયારેય મળેલા નથી. મારા નિવેદનમાં આરોપીઓના નામ કે વિગત વર્ણન જણાવેલા નથી. અમારી રીજર્વેશનની ત્રણેય સીટ એક જ ડબ્બામાં અલગ અલગ કંપાર્ટમેન્ટમાં આવેલી હતી. જે સીટ આપણા નામથી બુક હોય ત્યાંજ બેસવું જોઈએ તેવો રેલ્વેનો નિયમ છે. બનાવ સમયે અમારા કોચમાં અન્ય મુસાફરો પણ મુસાફરી કરતા હતા.

(૧૨) ફરીયાદપક્ષે આંક–૧૭ થી પોલીસ સાહેદ આશિષભાઈ અશોકભાઈ કાથડ ને તપાસવામાં આવેલ છે. તેઓ બનાવના દિવસે ઓખાસોમનાથ ટ્રેનમાં પેટ્રોલીંગ માં હતો તે દરમ્યાન ધ્વારકાથી ટ્રેનમાં ચડેલા અને જે ડબામાં ભીડ વધારે હોય તે ડબામાં તેઓ વોચમાં હતા. આગળ જતા ટ્રેનના એસ–૪ નંબરના ડબ્બામાં ૧૭ નંબરની સીટ ઉપર ગયેલ તો એક વ્યકિત મળેલ અને તેઓએ જણાવેલ કે, પોતાને કોઈની સાથે ઝઘડો થયેલ છે તે ઝઘડાનું કારણ, સીટ નં. ૭૬ ઉપર ફરીયાદીનું રીઝર્વેશન હતુ અને તે સીટ પર બીજા ત્રણ પુરૂષો બેઠેલ હતા અને ફરીયાદીને તેને શીટ પોતાની રીઝર્વેશન વાળી હોય તેઓને ઉભા થવા જણાવેલ જેથી આ ત્રણેય પુરૂષો ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને ઢીકા પાટુનો માર મારેલ, અને ગાળો બોલેલ અને મારી નાંખવાની તથા ટ્રેનમાંથી ફેકી દેવાની ધમકી આપેલ. આ ત્રણેય પુરૂષોમાંથીએક ઈસમને ફરીયાદીએ પકડી રાખેલ. તેઓ કોઈ આરોપીઓને ઓળખતા નથી. ફરીયાદીએ પોતે આર.પી.એફ.માં નોકરી કરુ છુ. તેવુ જણાવેલ અને પોતે પકડી રાખેલ ઈસમને તેમને સોંપી આપેલ. તે દરમ્યાન જામનગર રેલ્વે સ્ટેશન આવી જતા તે ઈસમને રેલ્વે સ્ટેશનની ફરજ પર હાજર રેલ્વે પોલીસને સોંપી આપેલ. આ કામે તપાસ કરનાર અમલદારે તેમનું નિવેદન લીધેલુ હોવાનું જણાવે છે. બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઊલટ તપાસ

દરમિયાન એ મહત્વની હકીકતો સ્વીકારેલ છે કે, આ કામના ફરીયાદી રેલ્વેમાં જ પોતાની ફરજ બજાવે છે. કહેવાતા બનાવ સમયે ઘણા બધા માણસો હતા. બનાવ મે નજરે જોયેલ નથી. જેથી બનાવમાં શું બનેલ તે હું ના કહી શકુ.

(૧૩) ફરીયાદપક્ષે આંક–૧૮ થી સાહેદ નિલેષભાઈ માંડણભાઈ ઓડીચને તપાસવામાં આવેલ છે તેઓના જણાવ્યા મુજબ બનાવ તા.૧૧/૧૨/૨૦૨૪ ના રોજ બનેલો. તેઓ ટ્રેનમાં હતા તે દરમ્યાન તેમની તબીયત બગડી ગઈ, જેથી બાજુના ડબામાં બેસવા માટે જતા રહેલ. ત્યાર બાદ કોઈના ઝઘડાનો અવાજ આવતા તેમણે જોયેલ કે પોલીસવાળા તથા તેમના ગામના ત્રણ ઈસમો ઝઘડો કરતા હતા. ત્યાર બાદ તેઓ બાજુના ડબામાં બેસી ગયેલ. આ ઝઘડો સીટ માટે થયેલો હતો. તેમને કાનાભાઈએ ટીકીટ લેવા ફોન કરેલ, તેઓ ટીકીટ દેવા ગયેલ અને જામનગર સ્ટેશન આવતા ઉતરી ગયેલ હોવાનું જણાવે છે. બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઊલટ તપાસ દરમિયાન એ મહત્વની હકીકતો સ્વીકારેલ છે કે, હું ઝઘડો થયેલ તે ડબ્બામાં ન હતો. બનાવમાં શું બનેલ અને કેવી રીતે બનેલ તે હું કહી શકુ નહી. આરોપીઓ મારા ગામના થતા હોવાથી હું ઓળખુ છુ. કહેવાનો બનાવ મે નજરે જોયેલ ન હોય જેથી બનાવ વિશે મને કોઈ અંગત જાત માહિતી નથી.

(૧૪) ફરીયાદપક્ષે આંક–૨૦ થી પો.હે.કો. હરદેવસિંહ ભીખુભા જાડેજાને તપાસવામાં આવેલ છે તેઓના જણાવ્યા મુજબ તા.૧૨/૧૧/૨૦૨૪ ના તેઓ જામનગર રેલ્વે પો.સ્ટે. એ પી.એસ.ઓ.ના ચાર્જમાં હતા, તે દરમ્યાન આર.પી.એફ.ના જવાન ઉદલસિંહ નારાયણસિંહે રેલ્વે હેલ્પલાઈન નં. ૧૩૯ માં ફોન કરી માથાકુટ થયેલ હોવાનું જણાવતા તેઓએ પેટ્રોલીંગના માણસોને સ્થળ ઉપર મોકલેલા, ત્યાર બાદ જામનગર મુકામે ટ્રેન પહોંચતા આ તમામને ઉતારીને રેલ્વે પોલીસ સ્ટેશને લાવેલા. જયાં આર.પી.એફ.ના જવાન ઉદલસિંહે આ કામના આરોપીઓ

તેમની સીટ પર બેસી ગયેલ હોવાથી મારા મારી થયેલ હોવાની ફરીયાદ હકીકત જણાવતા ઉદલસિંહને મેડીકલ માટે જી.જી. હોસ્પીટલમાં મોકલેલા જયાંથી ઉદલસિંહને હાથમાં ફ્રેકચર થયેલ હોવાનો રીપોર્ટ આવતા તેમની ફરીયાદ નોંધેલી. જે ઉપરથી જામનગર રેલ્વે પો.સ્ટે.ના પાર્ટ–એ ગુ.ર. નં. ૬૦/૨૦૨૪ થી બી.એન.એસ. કલમ–૧૧૫(૧), ૩૫૧(૨), ૫૪ મુજબની ફરીયાદ રજીસ્ટર કરી આગળની તપાસ પો.હે.કો. જામનગર રેલ્વે પોલીસના ભીમશીભાઈ પરબતભાઈ કરંગીયાને પ્રાથમિક તપાસ આપેલ હોવાનું જણાવેલ છે. બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઊલટ તપાસ દરમિયાન એ મહત્વની હકીકતો સ્વીકારેલ છે કે, આ કામે મે માત્ર ગુન્હો રજીસ્ટર્ડ કરી આગળની તપાસ ભીમશીભાઈને આપેલ હતી, તે સિવાય અન્ય કોઈ કામગીરી મે કરેલ નથી. આ કામે તાત્કાલિક ફરીયાદ લીધેલ નથી. ઉદલસિંહને થયેલ ફ્રેકચર આરોપીઓએ જ કરેલ હતુ કે કેમ તે હું કહી શકુ નહી.

**(૧૫)** ફરીયાદપક્ષે આંક–૨૨ થી ત.ક.અ. એ.એસ.આઈ. અકબરભાઈ ઈસ્માઈલભાઈ મામદાણીને તપાસવામાં આવેલ છે. તેઓના જણાવ્યા મુજબ તા.૧૪/૧૧/ ૨૦૨૪ ના રોજ પી.એસ.ઓશ્રી હરદેવસિંહ ભીખુભા જાડેજાનાઓએ જામનગર રેલ્વે પો.સ્ટે.ના પાર્ટ એ ગુ.ર.નં. ૦૦૬૦/૨૪ બી.એન.એસ. કલમ–૧૧૫(૧), ૩૫૧ (૨), ૫૪ મુજબનો ગુનો રજી. કરી પ્રાથમિક તપાસ હે.કો ભીમશીભાઈ એ આરોપીઓને અટક કરી તે અંગેનું પંચનામું કરી, ફરિયાદીના પત્નિ જાગૃતીબહેનનું નિવેદન લીધેલ ત્યારબાદ આગળની તપાસ તેઓને સોપતા લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલ અને ઈજા પામનારનું મેડીકલ સર્ટી મેળવી તપાસના કામે સામેલ રાખેલ, જે આંક–૨૩ થી રજુ કરેલ છે. ત્યારબાદ આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ

હોવાનું જણાવેલ છે. બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઊલટ તપાસ દરમિયાન એ મહત્વની હકીકતો સ્વીકારેલ છે કે, કહેવાતા બનાવ જે છે તે ટ્રેનના ડબ્બામાં બનેલો છે. ટ્રેનના ડબ્બામાં ઘણા બધા મુસાફરો મુસાફરી કરતા હોય છે. હાલના કામે અમોએ આ કામના ફરિયાદી પાસેથી ટ્રેનની મુસાફરી માટેની કોઈ ટીકીટ મેળવેલ નથી કે કબજે કરેલ નથી કે તેઓએ રજુ કરેલ નથી. હાલના ફરિયાદી રેલ્વેના કર્મચારી છે. ફરિયાદી તથા તેના પરિવારના સભ્યોની ત્રણ અલગ અલગ જગ્યાએ સીટ હતી. હાલના કામે અમોએ કોઈ પંચનામું કરેલ નથી. હાલના કામે ફરિયાદીની ફરિયાદમાં આરોપીઓના નામ કે વર્ણન જણાવેલ નથી.

(૧૬) ઉપરોકત મુજબનો પુરાવો ફરીયાદપક્ષે રજુ થયેલ છે. જે પુરાવાનું મૂલ્યાંકન કરતાં એવુ સ્પષ્ટ થાય છે કે, આ કામે ફરીયાદી પોતાની રીઝર્વ્ડ સીટ પર ન હતા. વધુમાં ફરીયાદીના જણાવ્યા મુજબ તેઓને પોતાની રીઝર્વ્ડ સીટ માટે આરોપીઓ સાથે બોલાચાલી થતા મારા મારીનો બનાવ બનેલ છે, જયારે તેમની પત્નિના જણાવ્યા મુજબ આ બનાવ તેમની રીઝર્વ્ડ સીટ માટે નહિ પરંતુ એકસચેન્જ કરેલી સીટ માટે બનેલો હતો. જેનો સીધો અર્થ થાય છે કે, ફરીયાદીએ રીઝર્વ્ડ સીટ માટે ઝઘડો થયેલો હોવાની હકીકત ખોટી જણાવેલ છે. તેમજ અન્ય સાહેદો પોલીસ સાહેદો છે, જેઓએ કોઇએ બનાવ નજરે જોયેલ નથી. જેથી આ બનાવમાં ખરેખર શું બનેલ હતુ તે સ્પષ્ટ થયેલ નથી.

(૧૭) આંક-૧૮ થી તપાસેલ સાહેદ બનાવ વખતે કોચમાં હાજર હતા, તેઓએ બનાવમાં સીટ બાબતે ઝઘડો થયેલાનું જણાવેલ છે, પરંતુ આરોઓએ ફરીયાદીને માર મારેલ હોવાની હકીકતને નકારી કાઢેલ છે. વધુમાં, કોચમાં હાજર અન્ય વ્યકિતઓના આ કામે નિવેદનો આવેલ નથી. આ કામે રજુ થયેલ ફરીયાદીનુ સારવાર સર્ટી જોતાં પણ ફરીયાદીને આરોપીઓએ માર મારેલ હોય તે સ્પષ્ટ થતુ ન હોવાથી બી.એન.

એસ. કલમ–૧૧૫(૧) મુજબનો ગુન્હો પુરવાર થયેલ નથી.

(૧૮) ફોજદારી કાયદામાં, પંચની જુબાની કયારેક પ્રતિકુળ થઈ શકે છે અથવા ફરીયાદીના કેસને સમર્થન આપવામાં નિષ્ફળ થઈ શકે છે. જો કે, જો ફરીયાદી સહિત અન્ય વિશ્વસનીય સાક્ષીઓ, ફરીયાદપક્ષને સમર્થન આપતા સાતત્યપૂર્ણ અને વિશ્વસનીય જુબાની પ્રદાન કરે, તો પણ પંચો ના સમર્થન વગર પણ કેસ સાબિત થઈ શકે છે. વડી અદાલતોએ તેમના ઘણા ચુકાદાઓમાં ઠેરાવ્યુ છે કે, પંચ સાક્ષીઓ પ્રતિકુળ થઈ જવાથી ફરીયાદપક્ષનો કેસ આપમેળે નબળો પડી જતો નથી, **<u>પરંતુ શરત એ છે કે, અન્ય વિશ્વસનીય પુરાવા ઉપલબ્ધ હોવા જોઈએ.</u>** નામ. ગુજરાત હાઈકોર્ટે આપેલ ચુકાદાઓમાં ઉપરોકત સિધ્ધાંતને ઠેરવેલ છે જેમાં, **Babu Lal Chauhan v. State of Gujarat (2006)** ના કેસમાં **નામ. ગુજરાત હાઈકોર્ટે** ઠેરવેલુ છે કે, "the evidentiary value of independent witnesses and the complainant can uphold the prosecution's case even if the panch witness does not support it. **<u>The prosecution must prove its case beyond reasonable doubt</u>**, but this standard can be met with credible evidence from sources other than panch witnesses."

(૧૯) આમ, ઉપરોકત ચુકાદાઓમાં જણાવ્યુ એમ, પંચ સાહેદોનુ સમર્થન ઈચ્છનીય છે, પરંતુ જો રેકર્ડ પરના અન્ય પુરાવાઓ વિશ્વાસપાત્ર હોય તો તે પંચોના સમર્થન વગર પણ ફરીયાદીનો કેસ સાબિત થઈ શકે, જેથી તેનું સમર્થન દરેક વખતે જરૂરી પણ નથી. એવા સંજોગોમાં આરોપીને દોષમુકત કરી શકાય નહિ. પરંતુ કોર્ટે ફરીયાદપક્ષના કેસની વિશ્વસનીયતા અને પર્યાપ્તતા નકકી કરવા માટે તેના સંપુર્ણ પુરાવાને ચકાસવો જોઈએ તેવુ અત્રેની અદાલતનું માનવુ છે. વડી અદાલતોએ વારંવાર ઠેરાવેલ છે કે, ફરીયાદપક્ષનો બોજ દરેક સાક્ષી પર

આધાર રાખીને, પરંતુ પુરાવાના સાકલ્યવાદી અને સુસંગત સમુહને રજુ કરીને, વાજબી શંકાથી આગળના કેસને સાબિત કરવાનો છે. જો ફરીયાદીની જેમ અન્ય સાક્ષીઓની જુબાની વિશ્વસનીય, સુસંગત અને મોટા વિરોધાભાસોથી મુકત હોય, તો તે ઘણીવાર કેસ સાબિત કરવા માટે પુરતી માની શકાય છે. આમ, જયારે અન્ય નોંધપાત્ર પુરાવાઓ ફરીયાદીની ફરીયાદને સમર્થન આપતા હોય ત્યારે ફકત પંચો સમર્થન આપતા ન હોવાથી, ફરીયાદીનો સમગ્ર કેસ આપમેળે ખરાબ થઈ જતો નથી. પરંતુ હાલના કેસમાં ફરીયાદીના કેસને અન્ય તટસ્થ સાહેદોના પુરાવાનું સમર્થન મળ્યુ નથી જેથી હાલના કામે પંચોનું હોસ્ટાઈલ થવુ એ પણ ફરીયાદપક્ષના કેસ માટે ઘાતક જ છે.

(૨૦) હાલના કેસમાં ફરીયાદીની ફરીયાદ મુજબ આરોપીઓએ ફરીયાદીને ગાળો આપેલ તથા ટ્રેનમાંથી નીચે ફેંકી દેવાની ધમકી આપેલ હોવાનું જણાવેલ છે. પરંતુ ફરીયાદી તથા અન્ય પુરાવાઓનું મૂલ્યાંકન કરતાં સ્પષ્ટ થયેલ છે કે, આ કામે ફરીયાદી તથા તેમના પત્નિ રેલ્વે પોલીસમાં નોકરી કરે છે. તેમજ બનાવ સમયે ફરીયાદીએ આરોપીને પકડી રાખેલ હતા, આરોપીએ ફરીયાદીને પકડેલ હતા તેવો કોઈ પુરાવો આવેલ નથી. આમ, આરોપીએ ફરીયાદીને ટ્રેનમાંથી નીચે ફેંકી દેવાની ધમકી આપેલ હોય અને ફરીયાદીને ડર લાગેલ હોય, તેવુ રેકર્ડ પર પુરવાર થતુ નથી. તેમજ આરોપીઓએ ફરીયાદીને કેવી ગાળો બોલેલી હતી તે પણ રેકર્ડ પર પુરાવો આપેલ નથી. આમ, ફરીયાદપક્ષ આરોપીઓ વિરુઘ્ધ બી.એન.એસ. ની કલમ–૧૧૫(૧) ૩૫૧(૨) તથા ૫૪ મુજબનો ગુનો સાબિત કરવામાં સદંતર નિષ્ફળ નીવડેલ હોય મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં. ૨ અનવયે નીચુ મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે:

**-: આખરી હુકમ :-**

(૧) આથી, મથાળે આરોપીઓની વિગતમાં દર્શાવેલ આરોપીઓને તેમની સામેના બી.એન.એસ.ની કલમ-૧૧૫(૧), ૩૫૧(૨), ૫૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનાના તહોમતમાંથી ભારતીય નાગરીક સુરક્ષા સહિતાની કલમ- ૨૭૧(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદરહું કામે આરોપીઓએ અપીલ સમય માટે રૂા.૫,૦૦૦/- (પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ, આજ રોજ તારીખ-૦૭ મી, માહે-એપ્રિલ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા. ૦૭/૦૪/૨૦૨૬.**
**કલ્યાણપુર.**

**(અલ્પા પ્રભુદાસ કડીવાર)**
**GJ01554**
**જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**તા. કલ્યાણપુર, જી. દેવભુમિદ્વારકા.**